





રહેતી ન ગરિમા, પદનું ગૌરવ તરડાય છે,
પડી જાય શિખર પરથી નજર કરડાય છે,
મરડાય કાયદા, ભરડાય ભવાડા મોહ ના -
નિવૃત્તિ પછીનાં 'પ્લોટ'માં 'પ્રતિભા' ખરડાય છે
(સેના ની જમીન!!)




બ્હેકી જાય, ને-
- સત્ય બોલાઇ જાય!
'રાજા પાઠ'માં
(નાણા સલાહકાર - બસુ)

કુટુંબમાં જ
ચલાવે છે પરશુ
બ્રહ્મ સમાજ..
(ભેદનીતિનો ભોગ?!)

## ચિંતન

**લોભેન બુધ્ધિશ્રાલતિ લોભો જનયતે હિષામ્ ।**
**તૃષાર્તો દુખમાપ્નોતિ પરત્રેહ ચ માનવઃ ॥**

'લોભથી બુધ્ધિ ચલિત થાય છે, લોભથી તૃષ્ણા-ઇચ્છાઓ પેદા થાય છે અને લોભ તૃષ્ણાથી પીડાતો માનવી ભવમાં જ પરાભવ પામે છે.'

માણસમાં લોભવૃત્તિથી બીજા અનેક દોષ પ્રવેશ પામે છે. દા.ત. ધન-પૈસા વાપરવા માટેના લોભને કારણે દાનવૃત્તિ - બીજાને તેના હક્કનું પણ ન આપી નાણા ભેગાં કરવાનો વિચાર જન્મે છે આમ અન્યાય કરવા દુર્ગુણ પણ જન્મે છે, પછી ધન એકત્ર કરવા બીજાના હાથમાંથી છીનવી લેવા-ની લૂંટવૃત્તિ જન્મે છે અનીતિ આચરવાથી બુધ્ધિ બગડે છે.

લોભને કારણે ઇચ્છા અને અપેક્ષાઓ વધતી રહે છે. અહીંથી માગું કે ત્યાંથી એકત્ર કરું નિમય વિના, ન્યાય વિના બીજાનું પડાવી લેવાની ઇચ્ચા - અનીતિ જાગે છે લોભથી તૃષ્ણા વધે છે.

આમ, પૈસા-ધનની લાલચમાં માણસનું બધી રીતે પતન થાય છે. સદ્ગુણો નાશ પામે છે. આ ભવમાં પરાભવ પામી, ચરિત્રથી ચલિત થઇ બદનામીમાં નાશ પામે છે. કરોડો-અબ્જોની ખાયકી કરનારા પ્રધાનો - સાહેબો જે રીતે બદનામ થાય છે એ 'જામીન' પર જીવે તોય શું?

## સુવિચાર

- સુખ બેંકની પાસબુકમાં નહીં, પણ નિરામય નિરોગી આયુષ્યમાં છે - બર્નાડ શો
- કોઇનો તિરસ્કાર ન કરો, ઇર્ષા ન કરો, સત્તા ન શોધો, સ્પર્ધા ન કરો તો તમને શાંતિ મળશે - જે. કૃષ્ણમૂર્તિ
- કોઇનું ભલું કરવું એ કર્તવ્ય નહીં પણ આનંદ છે, કારણ કે તેનાથી તમને આનંદ મળે છે - જરથોસ્ત
- આનંદમય લાગતી લાલસા થોડા જ સમયમાં હાડપિંજર જેવી, દુર્ગંધ મારતા શબ જેવી થઈજાય છે - મિખિલ નેઇમી
- ઇચ્છા તૃપ્તિ કરતાં ઇચ્છા પરનો વિજય વધુ સંતોષ આપે છે - માતાજી
- કેવળ રોગનો અભાવ એ આ યોગ્ય નથી પણ શારીરિક, માનસિક અને સામાજિક-બધી રીતે સ્વસ્થતા એ જ સાચું આરોગ્ય છે - વિશ્વ આરોગ્ય સંસ્થા
- ગંગા-યમુના કે પ્રયાગ સ્નાન માટે જવાની જરૂર જ નથી તમારું હૃદય જ માનસરોવર છે એ જ પ્રભુના અસ્તિત્વનો હોજ છે. - દાદુ સાહેબ

## બોધકથા

આપણે જુદાં જુદાં અભિમાન અને મદથી ભરેલા જ હોઇએ છીએ. હૃદય-મન-વિચારમાં આવો કચરો ભરેલો હોય ત્યાં પછી 'દિવ્ય જ્ઞાન' સમાય કયાંથી? હૃદય ખાલી-સ્વચ્છ-નિર્મળ-નિખાલસ હોય તો 'જ્ઞાન' બેસે..

રાજા જનશ્રૃતિ ખૂબ દાનવીર હતા. દાનવીર તરીકે તેમની કીર્તિ પણ ખૂબ ફેલાઇ હતી. એટલે સુધી કે જાતે પણ દાનવીરના કેફમાં જ રહેતા.

એકવાર એક સંત તેને આંગણે આવ્યા. તેને કોઇ 'મહાન સંત' જે દિવ્ય જ્ઞાન આપી શકે એવું નામ જણાવવા રાજાએ વિનંતી કરી. સંતે કહ્યું અહીં નજીકનાં વનમાં જ રૈક્વ મુનિનો આશ્રમ છે એ જ્ઞાની સંત તમને દિવ્યજ્ઞાન આપી શકે!

રાજા જનશ્રૃતિ પોતાની સાથે સોના-ચાંદીના સિક્કાની અમૂલ્ય ભેટો સાથે મુનિ રૈક્વને મળ્યો. તેમના ચરણમાં ભૂટો મૂકી - અને 'દિવ્ય જ્ઞાન' આપવા વિનંતી કરી.

રૈક્વ મુનિએ કહ્યું, રાજન્ દિવ્યજ્ઞાન એ વેંચાય એવી વસ્તુ નથી. એ અમૂલ્ય છે, સાધન-સંપત્તિ અર્પણ કરવાની એ દિવ્ય જ્ઞાન ન મળે પણ તમારે તમારી જાતનું સમર્પણ કરવું પડે! આ ભેટ સોગાદ પાછી મોકલો! અને તારી જાતનું મને સમર્પણ કરી દે.

રાજાને સમજ પડી, રાજપાટ છોડી તે જ ક્ષણે રાજા જનશ્રૃતિ મુનિ રૈક્વના શિષ્ય થઇ ગયા અને તપોવન જીવન સ્વીકારી લીધું.

# જયાં ઘડીકનો વિસામો, રાતભર આંખોને વિશ્રામ, સ્વપ્ન અને સકારાત્મકતાની રચના, ભવિષ્યનો આકાર અને પરસ્પરની લાગણીને વહેંચવાનું શક્ય બને એજ હોય વિરામનું ઠેકાણું

**હું રસ્તે રઝળતી વારતા**
**- અયના પટેલ**

થોડા સમય પહેલાં અમદાવાદમાં રહેતા એક સંબંધીના ઘરે જવાનું થયું. વિસ્તાર ખૂબ સરસ. પણ ફ્લેટ ખૂબ નાનો. બે રૂમ રસોડું. બે રૂમ રસોડામાં બે ફેમીલી રહે. રસોડું તો એટલું નાનું કે ત્રણ સ્ત્રીઓ એક સાથે રસોડામાં કામ ન કરી શકે. બાકીના બે રૂમમાં ઘરવખરી સાથે એમનો બેડરૂમ.

અમદાવાદ જેવા શહેરમાં પોતાનું મકાન હોય એ જ અહોભાગ્યની વાત. બાકી ઘણાં ઘરો તો એક રૂમમાં માળિયા બનાવીને આખી જિંદગી જીવ્યા હોય એવા દાખલા આપણી નજર સામે છે. જગ્યા નાની મોટી, ખાસ સવિશેષ કે વ્યક્તિના દરજ્જા મુજબની પણ, દિવસભરના વિરામનાં આ સ્થળને એક અંગત અને ખાસ બે વ્યક્તિ વચ્ચેનાં સંબંધો તેમનાં સ્વભાવ, જીવનશૈલી, રહેણીકરણી અને ચાહતને દર્શાવનારને આવનારને માટે જોવાલાયક સ્થળ એટલે બેડરૂમ. ફક્ત બેડરૂમ જ નહીં દરેક રૂમની ખાસ આગવી સુંરતા, મહત્તા અને સજાવટ હોય છે જે વિશેષ જ હોય છે. પણ આપણે એક પ્રવાહમાં વહીને ખાસ એકને બનાવીએ છીએ!

બેડરૂમની અંગતતા સાથે વ્યક્તિની પસંદગીને મૂડને માહોલ અંદર પ્રવેશતાં જ નજરે ચઢી જાય છે!

માસ્ટર બેડરૂમની સ્થના અને સજાવટ બહુ જ વિચારીને સ્વાભાવિક વાસ્તવિકતાને ધ્યાનમાં રાખીને કરવાની હોય છે. જયાં ભવિષ્યમાં અન્ય મેમ્બરનો પણ ઉમેરો થવાનો છે. ત્યાર પછી વારેતહેવારે જે પણ ફંકશન યોજીએ ત્યારે તમે આ વ્યક્તિગત અંગત રૂમને જાહેર બનવા દઇ શકવાનાં? ફ્લોરિંગ, કાર્પેટિંગ અને અન્ય સજાવટમાં માધ્યમો ધ્યાનમાં રાખવાં અત્યંત જરૂરી છે.

વોલ ટુ વોલ કાર્પેટિંગ સંપૂર્ણપણે સામાન્ય રીતે ગેરવ્યાજબી રહે. વ્યાજબી રીતે બેડ સાથે સાથે સીટીંગ અરેન્જમેન્ટ.

માસ્ટર રૂમની સાથે સાથે અન્ય પણ સજીને સંયોજવાનાં રૂપે માત્ર ફર્નિશિંગ, ફર્નિચર અને વોલપીસ કે આર્ટફેક્ટ જ. એટલે થોડા સાથે પણ સંયોજવામાં સમજદારી ને વધુમાં સજાવવા માટે પણ વિશેષ સંયોજનકારીની કલાત્મકતા આવશ્યક હોય છે.

માસ્ટર બેડરૂમમાં બેડરૂમ વ્યક્તિ પોતાની રીતે બનાવતા હોય છે. તેમાં રૂમની સ્પેસ. માત્ર આ કોઇ પણ સાઇઝનાં બેડ રાખવાનો વોર્ડરોબ રાખવા પૂરતી જ હોય. જયારે આધુનિક યુગમાં જગ્યા ગમે તેટલી હોય દિવસે દિવસે ભાવ વધતા જાય અને જગ્યા નાની થતી જાય કાં તો પછી એ શોખીનનાં ઘરમાં એન્ટિક ડિઝાઇન સાથે ટોપ વુડમાંથી બનાવેલ માસ્ટર બેડની સાથે વોર્ડરોબ ને સાઇડ ટેબલ્સ બેઝીક જરૂરિયાતથી વિશેષ આજની જરૂરિયાત, ચાહત અને ટ્રેન્ડ છે.

બેડરૂમમાં ટીવી, ડીવીડી, કમ્પ્યુટર, ગેસ્ટ એન્ટરટેઇનમેન્ટ, રીડિંગ અને અન્ય મલ્ટિ એક્ટીવીટી જેવી જિમ ઇક્વિપમેન્ટ કે મસાજ ચેર જેવી જિમ ઇક્વિીપમેન્ટ કે સમાજ ચેર જેવી અનુકૂળતા, જેવું બજેટ તેવી ઇચ્છાપૂર્તિ.

બેડરૂમ માટે મહત્ત્વનું....

- અંગત રૂમની આ એક અત્યંત મહત્ત્વની બાબત. આ રૂમનો દરવાજો ખૂલતાં જ ખુલ્લો હોય ત્યારે સીધી નજર પડે ને બેડના દર્શન થાય એ સંપૂર્ણપણે અયોગ્ય.
- દરવાજાની સામે જ કયારેય અરીસાને સ્થાન ન આપવું તેજ રીતે બેડની બરાબર સાથે જ અરીસો ન રાખવો.
- ફર્નિચરની દરેક એક બીજા સાથે મેચ થતી સ્ટાઇલમાં કે કલરમાં જરૂરી બને છે. અહીં ટેક્શ્ચર હોય કે પોલીસ હોય. વિવિધ ફર્નિચરનું સંયોજન અગોગ્ય, કેન, વુડ, રોડ, આર્યન કે અન્ય કોઇ પણ પસંદગીપાત્ર એકનું જ હોવું જરૂરી છે.
- લાઇટીં અને ફર્નિશિંગ અત્યતંત સહજતાથી પણ યોગ્ય રીતે બને તે જરૂરી છે.
- આર્ટફેક્ટસ અને વસ્તુઓનો મેળાવડો નહીં, પણ સ્ટાઇલથી સંયુક્ત રીતે સંયોજવાની જરૂર હોય છે.
- સૌથી મહત્ત્વનું કામ બેડની નીચેની સાફ સફાઇ, સગવડતા અને બેડની સાથે સાથે તમે શું કેટલું સમાવવાનાં છો, જરૂરિયાત પ્રમાણે કેટલી વસ્તુઓ ભેગી મૂકી શકે તે ધ્યાનમાં રાખવું અને સગવડતા બનાવવી.
- સોફ્ટ કલર્સ, હેવી ડ્રેપ્સને બદલે બ્લાઇન્ડસ, ઓછી પણ સુંદર વસ્તુઓનું વ્યવસ્થિત ગોઠવવું એ સફાઇ સાથે સુંદરતાને રજૂ કરવાની ક્ષમતા તેમાં રહેનારે જ દર્શાવવાની રહે છે.
- આંખોને એ જોનારને માટે સગવડરૂપ ટી.વી.ની ઊંચાઇ રાખવી જે મુજબ આંખો સાથે લેવલમાં ટીવી સ્ક્રીન રાખવું.
- લાઇટીંગ તમારી જગ્યાની વિશાળતા અને ઉંડાણ દર્શાવવા મદદરૂપ બનવાનું છે. વાંચવાની આદત સાથે, બીજા પાર્ટનરની સગવડ રાખીને ઓછાવત્તા પ્રકાશનું આયોજન.
- વેન્ટિલેશન અને હવા ઉજાસની આવનજાવન ખાસ પ્રકારે ગોઠવણી જરૂરી બને છે.
- સફાઇની અગ્રતા અને યોગ્ય માધ્યમે વપરાશ સાથે કાળજી લેવી જરૂરી.
- સાદી સીધી આરામની અંગત પળોને સંકોરવા સાથે તેને જાહેર જયારે બનાવવી હોય ત્યારે તમારી પોતાની એ અંગતતાને સંકુચિત કરીને રૂમ ખોલવાની જવાબદારી પણ તમારી જ.

માસ્ટર બેડરૂમની વ્યાખ્યા બનાવવાને બદલે તેને લાયક તેને માણા લાયકને પછી જોવા લાયક. સાથે શ્રેષ્ઠતાની સાથે સંભાળની યોગ્યતાની સાથે વ્યવસ્થિતતાને 'માસ્ટર પેર' દ્વારા જ શક્ય બનાવવી રહે.

જયાં ઘડીકનો વિસામો, રાતભર આંખોને વિશ્રામ, સ્વપ્ન અને સકારાત્મકતાની રચના, ભવિષ્યનો આકાર અને પરસ્પરની લાગણીને વહેંચવાનું શક્ય બને એજ હોય વિરામનું ઠેકાણું!

# સંક્રાન્તિકાળના અધિષ્ઠાતા પરશુરામની આર્યા વર્તની મહાકથા જે અર્વાચીન જમાના માટે પ્રેરણારૂપ છે

**શબ્દ સમીપે**
**- નટવર હેડાઉ**

પરશુરામમાં એવું કેવું વ્યક્તિત્વ હતું કે સમસ્ત પ્રજાનાં સ્મરણોમાં એની પ્રચંડતા અંક્તિ થઈ રહી છે? વીરોમાં એવી વીરોત્તમ કેમ લેખાયા? અઘોરીઓમાં પણ પૂજ્ય કેમ મનાયા? શસ્ત્રવિદ્યા ના મહાગુરુ તરીકે આખું આર્ય માનસ એમને કેમ સ્વીકારતું? એને નામે ક્ષેત્રો કેમ સ્થપાયાં? એમાં શી વિશિષ્ટતા હતી કે રામ અને કૃષ્ણની સાથે જ એ ઈશ્વરના અવતાર લેખાતા? ઋષિઓનાં વંશ જ હોઈ કોઈ એને ઋષિ નથી કહેતું. શા માટે? એમના પુત્ર મહર્ષિ હતા. તે માતા સતી લેખાતાં છતાં, મહર્ષિ સતીને ગાંધર્વોના દર્શન કર્યા તે માટે શા સારું ત્યાગવાં? નક્ષત્રિઓની દંતકથા પાછલ એવા ક્યાં મોટા પરાક્રમો છુપાયાં છે કે જેથી તેની સ્મૃતિ અમર રહી છે?

વળી એથી મોટો કોયડો તો એ હતો કે જમદગ્નિથી ઋગ્વૈદિક કાળ પૂરો થયો. શતપથ બ્રાહ્મનો કાળ શરૂ થયો, ત્યારે આર્યો માત્ર જાતિઓ નહોતી, એક મોટી પ્રજા બની હતી. શંકર દેવાધિદેવ સ્વીકારાયા હતા. નાનાં રાજયોને બદલે મોટા રાજયો થયાં હતાં. સરસ્વતી નદી અલોપ થઈ હતી. આર્યો નર્મદાથી ને મગદ સુધી વિસ્તરી રહ્યા હતા.

એ બે વચ્ચેના ગાળામાં આવડા બધા ફેરફારો શાને અંગે થયા? એ બે કાળને સાંકળતાં એ ક પરાક્રમ જડે છે. પરશુરામની નક્ષત્રિઓ. એને લીધે ઋગ્વૈદિક જીવન સમાપ્ત થયું. અને બ્રાહ્મણ કાળનું જીવન શરૂ થયું. આ સંક્રાતિકાળનાં અધિષ્ઠાતા પરશુરામ હતાં. જેના વિષે કનૈયાલાલ મુનશીએ **Early Aryans in Gujarat** માં વિશેષ સામગ્રીઓ આપી છે. તેમને 'લોગ હર્ષિણી' માં પરશુરામને બાલ્યાકાળ ચીતર્યો છે. તે પછીનું તેમનું ખુબ જ મહત્વપૂર્ણ જયંતિની ઉજવણી ઠેર ઠેર ઉત્સાહભેર થઈ રહી છે. ત્યારે પરશુરામના જીવન પર આધારિત આ પુસ્તક વિશે જાણ્યુ તમને જરૂરથી ગમશે. કારણ કે આ પુસ્તકમાં મુનશીજીએ પરશુરામની જુવાની ચીતરી છે. જમદગ્નિએ ઈક્ષ્વાકુ વંશની રાજકન્યા રેણુકા સાથે લગ્ન કરી આર્યવર્તમાં નિર્મળ અને સંસ્કારી જીવન જીવવાનું શરૂ કર્યુ તેમના ચાર કે પાંચ પુત્રો હતાં જેમાં નાના માંનાના રામ, જેમનો જન્મ વૈશાખ સુદ-૩ ને દિવસે થયો હતો. એમ મનાય છે તે સર્વશાસ્ત્ર સંપન્ન હતા. તેની રગોમાં જૂગ જૂના અગ્નિપૂજક ભૃગુઓનું પ્રતાપી લોહી વહેતું હતું. તે વિશ્વામિત્ર અને જમદગ્નિના ખોળામાં ઉછર્યા હતા. તેથી સરસ્વતી કે દષદવતી ને તીરે જયાં વાણીની શુધ્ધિ જેટલી પ્રિય હતી તેટલી જ જીવની સંસ્કારિતા મહત્ત્વની હતી. રાજ સિંહાસન કરતાં ઋષિપદ અને આર્ય સંસ્કારોનું રક્ષણ સંસ્કારાત્મક જીવનનું સાફલ્ય ગણાતું.

પરશુરામના પ્રતાપે હિમાલયથી રેવા સુધીના પ્રદેશોમાં રાજયોની ઉથલપાથલ થઈ ગઈ, ઘણી જાતિઓ હતી - ન હતી થઈ.




આર્યોની વિજયી જાતિમાં મળી ગઈ અને મહાભારતનાં યુધ્ધ વખતે જે રાજયો હતાં તેનાં બીજો વવાયાં.

પરશુરામના વિગ્રહોની પરંપરાથી - એકવીસવારની નક્ષત્રીથી આર્યોની સંસ્કૃતિ આખા પ્રદેશમાં એવી પ્રસરી ગઈ કે આર્યાવર્ત બૃહત્ થયું. તેની સીમા સરસ્વતી ને દેષદ્વતી નહીં પણ હિમાલય ને નર્મદા ગણાયાં. અને કૃતજ્ઞ આર્યો એ આ વીરને ઈશ્વરના અવતાર લેખી સદાને માટે દેવ મંદિરમાં સ્થાન આપ્યું. નર્મદાની ઉત્તરે આર્ય સત્તા બેસાડી આખા દેશને નવું જીવન, નવી સંસ્કૃતિ ને નવી એકતા આપી ને અનૂપ દેશમાં આવી રહ્યાં. પુરાણો કહે છે કે કશ્યપને પૃથ્વી દાનમાં આપી સમુદ્ર પાસે શૂર્પારક દેશ માંગી લીધો ને ત્યાં જઈ વસ્યા.

સહસ્ત્રાર્જુનનો અનુપ દેશ હતો. તેનો કેટલોક ભાગ એટલે ખંભાતના અખાતથી તે સોપારા સુધીનો દરિયાકાંઠાનો પ્રદેશ તે જ શૂર્પારક દેશ ગણાતો. આ શૂર્પારકની મુખ્ય જગ્યાઓ ભૃગુતીર્થ અને ભૃગુ કચ્છ (ભરૂચ) આલેખાયું. તે જમદગ્નેય તીર્થ, નર્મદાના સંગમ આગળ જેનું સ્થાન હજી ચોક્કસ કરી શકાતું નથી. શૂર્પારક નામ આજે પણ સોપારામાં મૌજૂદ છે.

જયારે ધર્મરાજ વનવાસ જવા નીકળ્યા ત્યારે આ તીર્થોમાં ફર્યા હતા. અનેપરશુરામ જામદગ્નેયનાં સંસ્મરણો તાજાં કરી પુનિત થયા હતા. અને મહાભારતના યુધ્ધ સુધી પરશુરામનાં વંશજો કે શિષ્યો યુધ્ધકળામાં એવા પ્રવિણ હતા કે મોટા વીરો તેમની પાસે શિક્ષણ લઈ પોતે પરશુરામના શિષ્ય છે. એમ માનવામાં મગરૂરી સમજતા કારણ કે પરશુરામ મહર્ષિ હતા. સંસ્કારી ઉચ્ચતાના પ્રતિનિધિ હતા. તે સાથે સાથે તેઓ ભયંકર ને દુર્જન્ય પ્રતાપીને અડગ વિજેતા હતા.

પરશુરામ થઈ ગયા પછી ઘણી સદીઓ સુધી આર્યોનાં જીવનમાં જવલંત જુસ્સો હતો. તેઓ વિજેતા તરીકે આ દેશમાં ચારે તરફ ઘુમી રહ્યા હતા. પોતાનાં રાજયો સ્થાપવાં. પોતાનાં સંસ્કારો પ્રસારવા એ જ એમનું નિરંતર લક્ષ્ય રહેતું. તેમના સંસાર વ્યવહાર ને રાજય કારભારમાં અનિયંત્રિત માનવતાની પ્રતાપી જયોત ઝગઝગતી. તે વખત તેમનો આદર્શ જૂદો હતો. અને એ આદર્શને જે ઈશ્વરના અવતારમાં તેમણે મૂર્તિમાન કર્યો હતો તે પરશુરામ.

ક.મા. મુનશીએ નવલકથા રૂપે લખેલ 'ભગવાન પરશુરામની આ કથા ચાર સ્કંધોમાં વહેંચાઈ છે. જેને લેખક ત્રણ ખંડોમાં વહેંચે છે. પહેલો જેમાં ગિરનારની છાંયામાં, નાગમોચન, બીજો રેવાનાં તટ પર, ગુરુ ડડુનાથ અઘોરી, મૃગારાણીનો ઉધ્ધાર અને ત્રીજો મહાભિનિસ્સરણ, આર્યાવર્ત, બીજેદાડે સવારે, વસિષ્ઠ મુનિને

● અનુસંધાન પાન-૭ પર

### આજના દિવસનો મહિમા
**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૨૩મી એપ્રિલ**
**મહાન નાટ્યકાર શેક્સપિયરનો જન્મદિન**

'માણસની જરૂરિયાત ઓછી તેટલું ઇશ્વર અને માનવ વચ્ચે અંતર ઓછું' તેવું પ્રસિધ્ધ વિધાન કરનારા મહાન નાટ્યકાર શેક્સપિયરનો જન્મદિન ૨૩-૪-૧૫૬૪.

કિંગ જહોન, જુલિયસ સિઝર, એન્ટની એન્ડ કિલયોપેટ્રા, હેમલેટ, ઓથેલો, મેકલેથ જેવા નાટકોના લેખક.

બીજી સહસ્ત્રાબ્દિના વૈશ્વિક સર્વશ્રેષ્ઠ નાટ્યકારનું અવસાન પણ ૨૩-૪-૧૬૧૬ માં થયું.

- રશિયાના માનવ રહિત અવકાશી સંશોધન મથક પર અવકાશયાત્રી જઇને પાછો ફર્યો ૧૯૭૧.
- મોગલ બાદશાહ જહાંગીરનો આગ્રામાં જન્મ ૨૩-૪-૧૫૭૮.
- લોકમાન્ય ટિળકે પૂનામાં હોમરૂલ લીંગની સ્થાપના કરી.

# સંધ્યાના માનસમાં પણ દેવો વસી ગયેલ, તેના શાંત સ્વભાવ, મીઠી ભાષા, તેનામાં શહેરી યુવાન જેવી ઘેલછા જોવા મળતી નહીં

**પરણેતરની પ્રીત**
**(સામાજિક ધારાવાહિક : પ્રકરણ-૧૮)**
**- જયંતીલાલ મકવાણા**

(ગતાંકથી આગળ...)

સંધ્યા તેની બહેનપણીઓમાં સૌથી ઊંચી હતી. તેની વાતચીત કરવાની છટા તેનું દેહ લાલિત્ય તેના વસ્ત્રો પહેરવાની રીત અનોખી જ હતી. યુવાન પ્રોફેસરો સમય મળ્યે કોઈના કોઈ બહાને સંધ્યાને બોલવી તેને માર્ગદર્શન આપવાના બહાને તેની સાથે વાતો કરતા ધરાતા નહીં.

તેના વાંકડિયા ઝુલ્ફો, કાળી નાગણ જેવી તેના વાળની લટો કપાળ પર શોભતી હતી. તેના અંગોના મરોડથી યુવાનોના હૈયા હચમચી જતા.

રીસેસમાં સંધ્યા... સંધ્યા... કરતા સૌ મિત્રો કૉલેજ ગાર્ડનમાં જઈ બેસતા. પોતપોતાના લંચબોક્સ ખોલી એકબીજાને આગ્રહ કરતાં સાથે લંચ લેતા હતા. સંધ્યાને ખવરાવવાનો આગ્રહ કરતા, તેના યુવાનો તેના ચહેરાને સ્પર્શ કરવાનો આનંદ અનુભવતા હતા. કેટલાક મિત્રો, વધારે આગ્રહ કરતાં સંધ્યા તેમનો હાથ પકડી ના પાડતી કહેતી, 'કાર્તિક, નહિ... નહિ... હવે નહિ...' સંધ્યાના હાથનો સ્પર્શ થતાં યુવાનોના રોમરોમ ખડા થઈ જતા. તેના મધુર અવાજ સાંભળતા બધા મુગ્ધ થઈ જતા. યુવાનોનાં દેહમાં મીઠી ગલીપચી થતાં રોમાન્સ અનુભવતા હતા. દેહમાંથી જુદા જ પ્રકારની કંપારી છુટતી હતી. સંધ્યા પર નિર્દોષ ભાવે તેના મિત્રોને આગ્રહ કરી જમાડતી હતી.

સંધ્યાની સાથે ભણતો ગામડાના ફાકડા નવયુવનોના હૈયામાં સંધ્યા વસી ગઈ હતી. સંધ્યાને મળવાની ઈચ્છા પણ થઈ આવતી તેને મળવા શું કરવું? કેવી રીતે મળવું? તેનું મોં મીઠું કરાવવા શું કરવું? કેવી રીતે મળવું? તેનું મોં મીઠું કરાવવા શું કરવું? કયારે અને કઈ રીતે કરાવવું? તેવા ઘોડાગંઠ તો હતો. છેવટે એક દિવસ કેન્ટિનમાંથી મીઠાઈ ખરીદી સંધ્યાને મોં મીઠું કરાવવા તેની નજીક જવા લાગ્યો ત્યાં રીસેસ પુરો થવાનો બેલ વાગતા દેવો મનમાને મનમાં જ બબડી ઊઠ્યો. ''હત, તેરેકી!'' તેના હૃદય પર ઘણના ઘા પડતા હોય તેવા બેલ વાગવાના ઘા લાગ્યા. આથી તે નારાજ થઈ ગયોને ઉદાસ થઈ સંધ્યાને જતી જોઈ રહ્યો. તેની ઈચ્છા અધુરી ટકી ગઈ તેને પોતાના પર ક્રોધ આવ્યો. મીઠાઈનું પેકેટ બગીચામાં જ ફેક્કી ફેકી દીધુંને ચૂપચાપ વર્ગતરફ જવા લાગ્યો.

દેવાનો પ્રેમ એક તરફી હતો. સંધ્યાએ દેવાને તેના મિત્રો સાથે એક બે વખત કૉલેજ કેન્ટીનમાં નાસ્તો કરતા જોયેલ. દેવાના મિત્રો સાથે સંધ્યાને વાતો કરતા જોઈ તેના મધુર અવાજે દેવાના મનને હરી લીધું હતું. તેના રોમરોમમાંથી સંધ્યા... સંધ્યા...નો ગુંજારવ નીકળતો હોય તેવું તેને લાગતું હતું. ઘણી વખત લાંબો સમય સંધ્યાને યાદ કરતા તરંગે ચઢી જતો. તે સંધ્યાના દિવા સ્વપ્નમાં રાચતો. તેની સાથે બાગમાં ફરતો હોય, પ્રવાસ સ્થળ પર ફરવા જતા હોય, ત્યારે તેને સંધ્યાની નાજુક તોફાની યુવાનીની મસ્તી યાદ આવી જતી.

સંધ્યા નિર્દોષ, લાગણીશીલને મળતાવળા સ્વભાવની હતી. કૉલેજના કોઈ પણ છોકરા સાથે મુસ્કુરાતા જ વાતો કરતી. દેવાની સાથે એને પૂરો પરિચય હતો નહિ. માત્ર તેના વર્ગમાં ભણતો અને બધા મિત્રો સાથે કૉલેજ કેન્ટિનમાં કે ગાર્ડનમાં લંચ લેવા સાથે બેસતાં હતાં. સંધ્યાના માનસમાં પણ દેવો વસી ગયેલ. તેના શાંત સ્વભાવ, મીઠી ભાષા, તેનામાં શહેરી યુવાન જેવી ઘેલછા જોવા મળતી નહીં. ઓછા બોલો સ્વભાવ, ગામઠી રીતભાત, આ બધા ગુણોને લીધે એકાદી સંધ્યાએ પૂછ્યું, 'દેવા, તારૂં વતન કયાં છે?'

સંધ્યાનો પ્રશ્ન સાંભળતા દેવાના સમગ્ર દેહમાં ચેતના આવી ગઈ. ક્ષણભર તો વીજળીવેગે વિચારો તેની નજર સમક્ષ તરવરવા લાગ્યા. તેને કોઈ સ્વપ્ન જેવું લાગ્યું હોય તેમ નવાઈ પામી ગયો ને મનોમન આશાના મીનારા બાંધવા લાગ્યો 'શું મને સંધ્યાએ પ્રશ્ન પૂછ્યો?'

તે અતિ આનંદમાં આવી ગયો એણે ધીમાં સ્વરે ઉત્તર આપ્યો. 'હા, હું બાજુનાં ગામડાનો છું અને અહીં રૂમ ભાડે રાખીને રહું છું.'

દેવાનો ઉત્તર સાંભળતા સંધ્યા ઉંડા વિચારમાં ગરકાવ થઈ ગઈ. અરે, મારી પાસે તો ફી ભરવાના પૈસા પણ નથી ત્યારે દેવો રૂમ રાખીને ભણવા માટે ભાડાના મકાનમાં રહે છે! તેણીએ મનોમન વિચાર કર્યો કે દેવો સુખી ઘરનો છોકરો લાગે છે. વાતોનો દોર આગળ ચલાવતા દેવાએ પૂછ્યું. 'તમારૂ વતન?'

'દેવા, અમે પણ છીએ તો ગામડાનાં જ પરંતુ પિતાજીની બદલી શહેરમાં થતાં અહિં આવવું પડેલ. મારો જન્મ પણ શહેરમાં જ થયો છે. મારા પિતાજી નિવૃત્ત થઈ ગયેલ છે.'

આમ સમય પસાર થયો ગયો એક વરસના સહવાસ દરમિયાન સંધ્યા અને દેવો એકબીજાની નજીક આવી ગયા. દેવા પર તેને કુદરતી રીતે જ આકર્ષણ થયેલ. બંને સાથે લંચ લેતા હરતાં ફરતાં સાથે, ફિલ્મો જોવા પણ સાથે જ જતાં. એકબીજાને હવે એકાંત ખાલીપા જેવું લાગતું. તદન અટુલા જેવો ખાલીખમ રૂમ ભાસતો હતો. દેવો ઘણી વખત કહેતો, 'સંધ્યા, તારા વિના રૂમમાં એકલતા લાગે છે.'

● અનુસંધાન પાન-૭ પર